# ગુજ. સૅન્ટ્રલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયની મુલાકાત લેવાઈ



સૅન્ટ્રલ યુનિવર્સિટી ઑફ ગુજરાતના વિદ્યાર્થીઓએ રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, સૅક્ટર-૧૭ની મુલાકાત લીધી હતી. ડૉ. પંકજ કે ગોસ્વામી ગ્રંથાલયના કર્મચારીઓએ વિદ્યાર્થીઓને ગ્રંથાલયની સઘળી સેવાઓ અંગે વિગતે માહિતી પૂરી પાડી હતી.



આદર્શ નિવાસી કુમાર શાળા (અ.જા.), સૅક્ટર-૮ ખાતે આચાર્ય તરીકે ફરજ બજાવતા જી કે સોલંકી વયનિવૃત્ત થઈ રહ્યા છે. તેમના વિદાય સમારોહનું આયોજન શાળા ખાતે કરવામાં આવ્યું હતું.

જિલ્લા નાયબ નિયામક નયનાબેન શ્રીમાળી, કન્યા શાળાનાં આચાર્ય જ્યોતિબેન રાવલ, સ્ટાફ, વોર્ડન તથા વિદ્યાર્થીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. સહુએ નિવૃત્ત જીવન તથા સ્વસ્થ દીર્ઘાયુ માટે આચાર્યને શુભકામનાઓ પાઠવી હતી. શાળા પરિવારે તેમને શાલ તથા શ્રીફળ-સાકરથી સન્માનિત કર્યા હતા તથા સ્મૃતિચિહ્ન ભેટ આપ્યું હતું.








ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર તાલુકાની ચિલોડા પ્રાથમિક શાળા ખાતે ચિલોડા સ્થિત યુકો બેન્કના સહયોગથી સતર્કતા જાગરૂકતા સપ્તાહ અંતર્ગત દિપોત્સવ ઉજવણીના ભાગરૂપે રંગોળી સ્પર્ધા યોજવામાં આવી હતી. આ અનોખી રંગોળી સ્પર્ધામાં શાળાની ૧૧ બાળાઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જે પૈકી અનુક્રમે ધર્મિષ્ઠા કે ઠાકોર, આરતી બી ભેરવા અને સુમિત્રા ટી ચૌહાણ વિજેતા જાહેર થયાં હતાં. ભાગ લેનાર સૌ સ્પર્ધકોને બેન્ક તરફથી પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યાં હતાં. આ સર્જનાત્મક ઉપક્રમ બદલ યુકો બેન્કના અધિકારીઓ પ્રતિ આચાર્ય હર્ષદભાઈ પટેલે આભારની લાગણી પ્રગટ કરી હતી.

## જન્મદિને વધામણી



પ્રાંજલ ભટ્ટ
અભિનેત્રી
સ્વચ્છતા બ્રાન્ડ એમ્બેસેડર
ગુજરાત



ભાવનાબેન
દિનેશભાઈ ચૌહાણ
મો. ૯૪૨૭૦ ૧૦૫૫૫



યોગેન્દ્રસિંહ
સુરેન્દ્રસિંહ ડાભી
મો. ૭૯૮૪૮ ૯૩૬૦૧



હિર હેમંતકુમાર નાયી
મો. ૯૮૯૮૦ ૦૮૨૬૪

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

# એસ. વી. શાળામાં વાલી મીટિંગ



## વાલીઓ સમક્ષ વિદ્યાર્થીઓના પ્રોગ્રેસ રિપોર્ટ રજૂ કરાયા, વિદ્યાર્થીઓનાં વધુ સારા પરફોર્મન્સ માટે વિશદ ચર્ચા-વિચારણા કરવામાં આવી

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત એસ. વી. ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલમાં વાલી મીટિંગ યોજવામાં આવી હતી. શિક્ષકોએ વાલીઓને તેમના બાળકોનો પ્રોગ્રેસ રિપોર્ટ બતાવી, તેમની પ્રગતિની માહિતી આપી, બાળકો હજી વધુ સારું પર્ફોર્મન્સ કઈ રીતે કરી શકે, તેનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વાલીઓએ પણ બાળકોની પ્રગતિથી ખુશ થઈ શાળાની કાર્યપ્રણાલી, વિવિધ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ, શાળા દ્વારા આપવામાં આવતો શુદ્ધ, સાત્વિક, પૌષ્ટિક નાસ્તો, શાળાના શિક્ષકોનો બાળકો પ્રતિ લાગણીભર્યો વ્યવહાર અને લેવાતી અંગત કાળજી તથા શાળાના મેનેજમેન્ટ પ્રતિ સંતોષની લાગણી વ્યક્ત કરી હતી. આ તબક્કે શાળાના પ્રિન્સિપાલ જિજ્ઞા દર્પણ બુચે વાલીઓની અંગત રીતે મુલાકાત કરી, આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# આર એન સ્કૂલના વિદ્યાર્થીઓને કોડિયાંનું વિતરણ





સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર એન પટેલ પ્રાઈમરી સ્કૂલના વિદ્યાર્થીઓને દિવાલી પર્વના પ્રતીક સમા દીવડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ભારતીય સંસ્કૃતિમાં દીપક અને તેનું પ્રાગટ્ય શુભકાર્યના પ્રારંભે મંગલમય માનવામાં આવે છે, એ અર્થ સમજાવી બાળકોને શાળા પરિવાર દ્વારા દિપાવલીના પર્વની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ કન્યા પ્રાઈમરી સ્કૂલના ધોરણ-૩થી ૫માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓના એક દિવસીય પ્રવાસનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. તિરૂપતિ ઋષિવન ખાતે આયોજિત આ પ્રવાસમાં ૧૦૪ જેટલી વિદ્યાર્થિનીઓ ઉત્સાહપૂર્વક જોડાઈ હતી. પ્રવાસ દરમિયાન સૌએ મહુડીની પણ મુલાકાત લીધી હતી. સુપરવાઈઝર ભગવતીબેને આ ઉપક્રમનું સંચાલન કર્યું હતું.

## ચૌધરી નર્સિંગ ઈન્સ્ટીટ્યુટ ખાતે ઓબેસિટી અને ગ્લોબલ હેન્ડ વોશિંગ ડે નિમિત્તે જાગૃતિ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૨

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત ચૌધરી ઈન્સ્ટીટ્યુટ ઑફ નર્સિંગ ખાતે ઓબેસિટી અવેરનેસ એન્ડ ગ્લોબલ હેન્ડ વોશિંગ ડે નિમિત્તે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

બેઝીક બીએસસી નર્સિંગ અને જીએનએમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આ પ્રસંગે પ્રદર્શનનું આયોજન કરાયું હતું.

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી, ટ્રસ્ટી શંકરભાઈ ચૌધરી, રણછોડભાઈ ચૌધરી, એસ આર ચૌધરી, કેમ્પસ ડિરેક્ટર યશવંતભાઈ ચૌધરી આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. ઈન્સ્ટીટ્યુટના આચાર્ય મયુકજૈન, ફૅકલ્ટી મૅમ્બર્સે ઉપક્રમને સફળ બનાવવા સક્રિય સહયોગ આપ્યો હતો.

# મહિલા આઈટીઆઈ દ્વારા 'પ્લાસ્ટીક મુક્ત ભારત અભિયાન'





ગાંધીનગર, તા. ૨૨

ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગાંધીનગર (મહિલા) દ્વારા 'સિંગલ યુઝ પ્લાસ્ટિક મુક્ત ભારત' અને 'સ્વચ્છ ભારત મિશન' અભિયાનના ભાગરૂપે ગાંધીનગર મહિલા આઈટીઆઈમાં અભ્યાસ કરતી તાલીમાર્થીઓ તેમજ સ્ટાફ દ્વારા એક રેલીનું આયોજન કરવામાં આવેલ. પ્લાસ્ટિક મુક્ત ભારતની ઝુંબેશના ભાગરૂપે આઈ.ટી.આઈ ની તાલીમાર્થીઓ દ્વારા વેસ્ટ તાલીમી કાપડમાંથી અને છાપાની પસ્તીમાંથી બનાવેલી કાગળની થેલીઓ પ્રજાજનોને ફ્રીમાં વિતરણ કરવામાં આવ્યું હતું.

પ્લાસ્ટિક મુક્ત ભારત તથા સ્વચ્છ ભારત જાગૃતિ અભિયાન અંતર્ગત ની ઉપસ્થિતિમાં પ્રતિજ્ઞા પણ લેવડાવવામાં આવી હતી.

આ પ્રસંગે ઔધોગિક તાલીમ સંસ્થા (મહિલા) ગાંધીનગર દ્વારા માનનીય કલેકટરશ્રી ડૉ. કુલદિપ આર્ય સાહેબશ્રી ને આમંત્રણ આપવામાં આવેલ. તેઓએ આ પ્રસંગે ઉપસ્થિત રહીને પ્રજાજનોને અને સ્ટાફ તેમજ તાલીમાર્થીઓને પ્લાસ્ટિક મુક્ત ભારતની ઝુંબેશને ખૂબ જ સહયોગ આપવા માટે આગ્રહ ભરી વિનંતી કરી હતી.

આ પ્રોગ્રામ દરમિયાન સૌ સાથે મળીને પ્લાસ્ટિક મુક્ત ભારત અને સ્વચ્છ ભારત માટે પ્રતિજ્ઞા વાચન કર્યુ હતું.

લગભગ ૨૦૦ જેટલી તાલીમાર્થી બહેનો અને સેક્ટર ૨૪ શાક માર્કેટમાં આવેલ પ્રજાજનોએ આઈ.ટી.આઈ. મહિલા દ્વારા બનાવેલ કાપડની થેલીઓ અને કાગળની થેલીઓનું વિના મૂલ્યે વિતરણનો લાભ લીધો હતો.

આ થેલીઓનું વિતરણ કલેક્ટરના વરદ હસ્તે કરવામાં આવ્યું હતુ અને આ પ્રસંગે સેક્ટર ૨૪ ના કોર્પોરેટર્સ, આઈ.ટી.આઈ.ના ઉચ્ચ અધિકારીઓએ ઉપસ્થિત રહીને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ઉલ્લેખનીય છે કે સંસ્થાએ પ્લાસ્ટિક મુક્ત ભારત અભિયાનની ઝુંબેશને વેગવંતી બનાવવામાં ગાંધીનગર ખાતે પહેલ કરી છે.